


# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

મુશ્કેલ આ ઘડી છે માણસ મરી ગયો છે
ના કોઈને પડી છે માણસ મરી ગયો છે
ના તન ઉપર કશુંયે છે મન ઉપર ઉઝરડા
માનવતા આભડી છે માણસ મરી ગયો છે?
ફૂટી ગયું છે માથું, પગ ઘર તરફ વળેલા
તૂટેલ લાકડી છે માણસ મરી ગયો છે
કટ્ટરતા સાઇનાઇડ કરતાંય છે ભયંકર
જીભે જરા અડી છે માણસ મરી ગયો છે
ભૂલો પડેલ તણખો, કરતો હતો ઊડાઊડ
થઈ રાખ ઝૂંપડી છે, માણસ મરી ગયો છે
ખોળામાં વ્હાલ લઈને સળગી ગયેલી મમતા
લાશોની થોકડી છે, માણસ મરી ગયો છે!

કુણાલ શાહ

## પાથેય

# મરી પરવારેલી માનવતા

આજકાલ માહોલ એવો છે કે માણસ ઉપરથી શ્રધ્ધા જ ઉઠી જાય.અખબારો અને સોશિયલ મીડિયામાં કે ટી.વી.ના સમાચારોમાં દિવસ રાત જે રીતે અમાનવીય ઘટનાઓ ન્યૂઝ કે ચર્ચા સ્વરૂપે ચાલે છે એનાથી ગમગીન થઈ જવાય છે. વાતવાતમાં ખૂન,ધિક્કાર,અપહરણ, છેતરપિંડી કે બળાત્કાર જાણે સામાન્ય બનતા જાય છે.ખરેખર આ મુશ્કેલ ઘડી છે.માણસજાતની સામે? અનેક પડકારો આવ્યા છે. કુદરતી આપત્તિઓ,યુધ્ધો અને મહામારીનો આવી છે.માણસ હાર્યો નથી.એણે આ તમામ પડકારો ઝીલ્યા છે.એ જીવંત રહ્યો છે.આજે પરિસ્થિતિ તદન અલગ છે.આજે એવું લાગે છે કે જાણે માણસ જ મરી ગયો છે!માણસાઈ મરી પરવારી છે.

આજનો માણસ યંત્રો સાથે જીવે છે પ્રકૃતિ અને કલાઓ સાથેનો? એનો? નાતો તૂટી ગયો છે.સતત સ્પર્ધામાં જીવતા લોકો મનગમતું કામ કરી શકતા નથી.જાણેઅજાણે આજે સહુ એક નિરર્થક રેસમાં જોડાઈ ગયા હોય એવું અનુભવે છે.છતાં એમાં ફરજિયાત જોડાઇ રહે છે..અણગમતા કામો કે કોઈ સાર્થક હેતુ વગર જીવતો માણસ? તંગદિલી ના અનુભવે તો જ નવાઈ!પોતાના સુખ માટે જીવતો માણસ જ્યારે અન્યને સુખ આપવાનું વિચારે ત્યારે જ એ સાચા સુખનું વર્તુળ પૂરું કરી શકે.

માણસ જયારે મનગમતું કામ કરે છે..ત્યારે જગત થનગનતું લાગે છે.આપણી મુળભુત પ્રકૃતિ શું છે ? એની મથામણ કરીએ તો આપણો આનંદ શામાં રહેલો છે એ,નકકી થઈ જાય છે..ગાંધીજી એવું માનતા કે, દરેક માણસ મુળભુત રીતે તો,સારો જ હોય છે..એજ રીતે કહી શકાય કે દરેક માણસ નો કોઇ મનગમતો મનોભાવ પણ હોય છે..જેના થકી એનો સ્વભાવ ઘડાતો હોય છે.તમને શું કરવામાં મજા પડે ? પુસ્તક વાંચવું ગમે કે..ઊંઘી જવું ગમે? કોઈની સાથે વાત કરવી ગમે કે..એકલા બેસી રહેવું ગમે ? સ્વાર્થ ગમે કે પરમાર્થ ? ઘણાને બીજા ને મદદરૂપ થવામાં અદકેરો આનંદ પ્રાપ્ત થતો હોયછે..સેવા કરવી કે કોઇ સદ્કાર્યમાં સહભાગી થવામાં અમુક વ્યકિતઓ અસીમ આનંદ માણે છે..સાચું સુખ શામાં છે? એવું મને કોઈ પુછે તો હું બેધડક કહું કે સાચો પરિતોષ પરોપકારી વૃત્તિમાં પડેલો છે..સુખનું જયારે વિસ્તરણ થાય છે ત્યારે એમાં જીવનનું ગંતવ્ય રહેલું હોય છે..સુખ જો સંકોચાય તો જીવનમાં કંટાળો ડોકાય છે. "મરીઝ" અદભુત રીતે આ હકિકત વ્યકત કરે છે..

"બસ એટલી સમજ મને પરવરદિગાર દે
સુખ જયારે જયાં મળે ત્યાં બધાનો વિચાર દે...!"

આપણી મુસીબત એ છે કોઈપણ બાબત સ્વની આસપાસ જ આકાર લે છે..સ્વ થી સર્વ સુધી જવાની ઘટના બને ત્યારે જીવન મહાપર્વ સમું બની જતું હોય છે.

નેક કામ માટેની ટેક માનવતાની આહલેક સમાન છે..આપણા મનમાં ઉઠતા ઉત્તમ મનોભાવોને સદકાર્યના આલિંગનથી સત્કારીયે છીએ ત્યારે જે સંતોષ પ્રાપ્ત થાય છે એ મનુષ્યત્વની મહેંક સમાન હોય છે..!!


# ગાંધીનગરમાં રહેતો એ યુવાન તસવીરકાર આજે દેશ વિદેશનો લાડકો વાઇલ્ડ લાઇફ ફોટોગ્રાફર બની ગયો છે

‘બેટા, કૌશલ્ય નિર્માણ કરો, સફળતા તો જખ માર કે પીછે પીછે આયેગી હી...’ યાદ છે આ એવરગ્રીન બાબા રણછોડદાસ ચાંચડ ઉર્ફે રેંન્ચોનો ડાયલોગ? ‘થ્રી ઈડિયટ્સ’ ફિલ્મનો થીમ આઈકોનિક હતો રાધર છે. એ ફિલ્મમાં આઈઆઈટીમાં એન્જિનિયરિંગનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી ત્રણ એવા વિદ્યાર્થીઓની કહાની છે કે, જે એક યા બીજા સ્વરૂપે કોઈને કોઈ યુવાન સાથે જોડાયેલી હશે. એ ત્રણ પૈકીના એક વિદ્યાર્થી ફરહાનનું કેરેકટર એવું હતું કે, જેને એન્જિનિયરિંગના અભ્યાસમાં બિલકુલ રસ જ નહોતો પડતો. એને તો વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફીમાં આગળ વધવું હતું. પછી એ ક્ષેત્રમાં એ જાય છે અને આગળ વધે છે. ખેર, આ ફિલ્મનું કાલ્પનિક પાત્ર હોઈ શકે પણ આપણે અહીં ફરહાનના કેરેકટરને સિમિલર એવા ગુજરાતી યુવાનની વાસ્તવિક કહાનીને સ્પર્ષવાની કોશિષ કરવી છે.




ત્રીસેક વર્ષ પહેલાની વાત છે. આપણા ગુજરાતના ભાવનગરના ગારીયાધાર પાસે આવેલા મોરબા ગામમાં રમેશભાઈ અને કૈલાસબહેન ખેડૂત દંપતિ મોજથી જીવન પસાર કરે. કૈલાસબહેનને સારા દિવસો હોવાના સમાચાર મળતા રમેશભાઈના પરિવારમાં ખુશી છવાઈ ગઈ. કૈલાસબહેનને સરસ મઝાનો દીકરો અવતર્યો. પરિવારજનોએ એનું નામ રાખ્યું કૌશિક. દીકરા કૌશિકનું બાળપણ મોરબા ગામમાં જ વિત્યું. પપ્પા રમેશભાઈ સાથે પાપા પગલી માડતો દીકરો કૌશિક ખેતરે હોંશે હોંશે જતો. રમકડા રમવાની ઉંમરમાં કૌશિક ઝાડ, પાન, પંખી, પશુઓ, પહાડ, નદી, નાળા જોઈને રોમાંચિત થઈ હરખાતો. થોડો મોટો થતા એને કાકાના ઘરે આણંદમાં પ્રાથમિક શિક્ષણ લેવા મૂકવામાં આવ્યો.

બાળ કૌશિકને ભણવા કરતા કુદરતી વાતાવરણનું વધારે આકર્ષણ રહેતું. જો કે વાઈલ્ડ લાઈફ અને જંગલો સાથે એ ત્યારે સંપૂર્ણ રીતે કનેક્ટ નહોતો થઈ શક્યો. એ સમયે એની એટલી સમજ અને ઉંમર પણ નહતી. ધોરણ-૧૨ આવતા સુધીમાં એણે અમૃતલાલ વેગડ, ધ્રુવ ભટ્ટ જેવા જાણીતા સર્જકોના અનેક પુસ્તકો વાંચ્યા અને સફારી જેવા મેગેઝીનોના લખાણો પણ ખૂબ વંચ્યા. એણે એચએસસી પછી અભ્યાસને રીતસર તિલાંજલી આપી દીધી અને અલગ અલગ ક્ષેત્રના જુદી જુદી કક્ષાના નાના મોટા અનેક લોકો સાથે જંગલો ખુંદવાનું શરૂ કરી દીધું.


જીમ કોર્બેટમાં કૌશિકભાઇ ઘેલાણીએ લીધેલી ત્રણ વાઘની અલભ્ય તસવીર....

યુવાનીના ઉંબરે પહોંચતા સુધીમાં બાળ કૌશિકના માનસપટ ઉપર જંગલ અને જંગલમાં વસતા પશુ-પંખીઓનું એવું તો સામ્રાજ્ય બની ગયું કે, એ જંગલને જાણે પોતાનું ઘર સમજવા લાગ્યો. વાત છે વર્ષ ૨૦૨૦ની. એક ફિલ્મ નિર્માતાએ કૌશિકનો જાણિતા પાર્શ્વગાયક રૂપકુમાર રાઠોડ સાથે પરિચય કરાવ્યો. કૌશિક ફિલ્મોના માર્કેટિંગનુ પણ કામ કરતો. એટલે નિર્માતાઓ સાથે એને સારો એવો પરિચય કેળવાયેલો. રૂપકુમાર રાઠોડને વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફીનો શોખ ખરો. રૂપકુમારે કૌશિકને એના વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફ બતાવ્યા. કૌશિકે એના મોબાઈલમાંથી રૂપકુમારને વાઈલ્ડ લાઈફની એણે પાડેલી બે તસવીરો બતાવી. માત્ર બે જ તસવીરો જોઈને રૂપકુમાર કૌશિકની વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફીનો દિવાનો બની ગયો. પછી તો એ કાન્હા, જીમ કાર્બેટ, બાંધવગઢના પ્રવાસે વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી માટે જેટલીવાર ગયા એટલીવાર કૌશિકને એના વાઈલ્ડ લાઈફ ફોટગ્રાફી ગુરુ તરીકે સાથે લઈ ગયા. રૂપકુમારની કોફી ટેબલ બુક ખુબ પ્રચલિત થઈ. આ કોફીટેબલ બુકમાં પણ કૌશિકનું બહુમૂલ્ય પ્રદાન રહ્યું છે.

કૌશિકે નાની ઉંમરમાં ઘણા નેશનલ પાર્ક ખુંદ્યા છે. દિવસો સુધી જીમ કાર્બેટ કે રણ થંભોરના જંગલોમાં ફરીને એણે વાઘની અલભ્ય તસવીરો કચકડે કંડારી છે. એની તસવીરોના અનેક ખરીદારો છે. પારખુ ખરીદારો કૌશિકની તસવીરોના મ્હોં માગ્યા મોલ આપે છે. વર્ષ ૨૦૨૨માં નેશનલ જીયોગ્રાફી ટ્રાવેલર મેગેઝીનમાં ‘બીગ કેટ ઓફ ઈન્ડિયા’માં કૌશિકની તસવીર અને એના નામનો ઉલ્લેખ ગુજરાતીબંધુઓ માટે ગર્વ લેવા જેવી વાત છે. આઉટ લુક-૨૦૨૧માં પણ એની ફોટો ફીચર સ્ટોરી પ્રકાશિત થઈ ચૂકી છે. હિન્દુસ્તાન ટાઈમ્સે વર્ષ ૨૦૨૨માં ‘ઈન્ટરનેશનલ ટાઈગર્સ ડે’ નિમિત્તે કૌશિકની સ્પેશીયલ સ્ટોરી પ્રસિદ્ધ કરી છે.

એકાદ બે વર્ષ પહેલાની કૌશિકે કંડારેલી ત્રણ ટ્રાઈગરની એકશન તસવીર ખૂબ વખણાયેલી. આ તસવીર નેશનલ જ્યોગ્રાફિ ટ્રાવેલ ગાઈડ મેગેઝિનમાં પ્રસિદ્ધ થઈ હતી અને ખાસ્સી લોકપ્રિય બની. એની પાછળની રોમાંચક કહાની અદભુત છે. જીમ કોર્બેટમાં એ દિવસે સાંજે મુશળધાર વરસાદ પડ્યો હતો. ઢીકાલા ઝોનના તમામ રસ્તાઓ બંધ હતા. બીજા દિવસે જ્યારે રસ્તા ખુલ્યા ત્યારે વાઘ મળે એવી કોઈ શક્યતા જ ન હતી. છતાં કૌષિકની કોઠા સૂઝ કહેતી હતી કે રાત્રે નદી પાર ગયેલા વાઘ વહેલી સવારે એમની ટેરેટરીમાં પરત આવશે. એટલે એ એની જીપ્સીમાં વાઘની ફૂટપ્રિન્ટના માપદંડ પ્રમાણે ધુણી ધખાવીને એકલો કલાકો સુધી જંગલમાં બેઠો હતો. એવામાં એક પછી એક ત્રણ વાઘ ગ્રાસ લેન્ડમાંથી છલાંગ મારતા ગેલ કરતાં છીછરા પાણીમાં દેખાયા. કૌશિકથી આ દ્રષ્ય બીલકુલ ૫૦ ફૂટના અંતરે ભજવાતું હતું. એણે પળનો પણ વિલંબ કર્યા વગર ફટાફટ કેમેરાની ક્લિક્સ કરવા માંડી. અને દુનિયાને મળી ગયો એક અલભ્ય તસવીરનો ખજાનો.

જંગલની પરિભાષા, પંખીઓ અને અલગ અલગ પશુઓની બિહેવિયર પેટર્ન, વનસ્પતી અને કુદરતના મિજાજ વગેરેનો કૌશિકને જબરજસ્ત અભ્યાસ છે. જીમ કોર્બેટ કૌશિકનું સૌથી પ્રિય નેશનલ પાર્ક છે. એણે કૌર્બેટના જંગલની અનેક વાર મુલાકાત લઈને દિવસો સુધી અહીં રહીને ખૂબ કામ કર્યું છે. કૌશિકનો શૈક્ષણિક અભ્યાસ કદાચ એચએસસી માંડ હશે પણ એની વાઈલ્ડ લાઈફ વિશેની સમજને આજે દેશ-વિદેશમાં લોકો માને છે. અનેક લોકોના સંપર્કથી કૌશિકની ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી ભાષા ઉપર પ્રભુત્વ દાદ માગી લે એવું છે. તસવીરકાર ઉપરાંત કૌશિકે ફિલ્મ માર્કેટિંગ, પુસ્તક લેખન જેવા ક્ષેત્રોમાં પણ ઘણું કામ કર્યું છે.

ગાંધીનગરમાં રહેતાં ગુજરાતી યુવાન કોષિકની કહાની અનેક નવયુવકો માટે ચિંતન કરવા પ્રેરે એવી છે. ભાવનગરના એક નાના એવા ગામમાં જન્મેલા આ યુવાનનો ‘નેચર લવ’ એને કઈ કક્ષા સુધી લઈ ગયો એ પણ એક સંશોધનનો વિષય છે. વ્યક્તિના હૃદયમાં પડેલી વાત જ્યારે મનમૂકીને બહાર આવે ત્યારે કેવા શણગાર સજે છે એનું જાગતું ઉદાહરણ ભાઈ કૌશિક છે. જીવન એક ઉત્સવ છે. પ્રત્યેક પળ ઉજવવા માટે સ્વયં સજ્જતા કેળવવાની રહે. શું ગમે છે અને એને કેવી રીતે જીવનના આનંદમાં જોડી શકાય આ બે પ્રશ્ન અગત્યના છે. મનને મારીને પૈસા કે પ્રતિષ્ઠા મળે તો એનો આનંદ નથી રહેતો એ સ્વાભાવિક જ સમજી શકાય એવી વાત છે. પણ જો મનભરીને મોજ થાય અને એ મોજમાં જ કૌષલ્ય કેળવાય તો સફળતાને આવ્યા વગર છૂટકો નથી.

કૌશિકના શબ્દોમાં કહીએ તો, નેચર ઉપર જ્યારે સંપૂર્ણ ભરોસો હોય ત્યારે નેચર જ ચારેય બાજુથી મબલખ આપવામાં ક્યારેય પાછી પાની નથી કરતું. પછી તે આર્થિક પ્રગતિ હોય કે સામાજિક પ્રતિષ્ઠા હોય. અઢળક અને અનહદ ખુશી નેચરના પ્રેમમાં પડેલી છે. પ્રકૃતિનું હૃદય સદાબહાર છે. પ્રકૃતિનો આત્મા અફાટ વાદળી સમુદ્રની જેમ ઊંડો છે. કુદરત વિશ્વ લાગણીના સમગ્ર ક્ષેત્રને જીવંત બનાવે છે. બ્રહ્માંડ તરફ આગળ વધવા માટેનો સૌથી સીધો માર્ગ જંગલ અને રણમાંથી પસાર થતો હોય છે. વ્યક્તિ એની આસપાસની પ્રકૃતિને અસર કર્યા વિના એક પણ દિવસ પસાર કરી શકતો નથી. એ જે કરે છે તેનાથી પ્રકૃતિમાં કોઈને કોઈ ફરક પડે છે. વ્યક્તિએ સ્વયં નક્કી કરવાનું છે કે, એણે કેવા પ્રકારનો બદલાવ જોઈએ છે. પ્રકૃતિની ગતિ સાથે વહેવાની મજા છે.

**ધબકાર :**

**વ્યક્તિનો પ્રકૃતિનો એક માત્ર સ્પર્શ આખા વિશ્વને પોતાનુ બનાવી દે છે.**

# જરીક જેટલા જીવતર ઉપર મૃત્યુનો ઓછાયો, પળની ઉપર એકસામટો ઝંઝાવાત ફેંકાયો

છેલ્લાં ત્રણ-ચાર દિવસથી એક નિત્યક્રમ બની ગયો છે. કાર્યસ્થળ પર પહોંચ્યા પછી આખા દિવસમાં સાત-આઠ વખત મોબાઈલથી જે વાતચીત થાય છે. મનમાં સતત વિચાર આવતા રહે છે, તેના કેટલાક અંશ આપની સમક્ષ મૂકું છું.

દીકરો સાયકલ લઈને શાળાએ જાય છે. તે હેમખેમ પહોંચી ગયો હશે ને ! નાની દીકરીને બપોરની પાળીમાં મૂકવા જતી પત્ની બરાબર પહોંચી તો ગઈ હશે ને ! પેલા ચાર રસ્તા પાસે ધ્યાન રાખીને વાહન ચલાવ્યું હશે ને ! વળી બપોરે શાળાએથી છૂટવાના સમયે ખૂબ ટ્રાફિક થઈ જાય છે ત્યારે જ્યાં મોટા વાહનો આવી રહ્યા હોય તે રસ્તેથી ન આવતા પેલો વચ્ચેનો રસ્તો ભલે થોડો લાંબો લાગતો હોય તો પણ ત્યાં થઈને જ ઘરે આવજે તેવું કહ્યું હતું, એમ જ કર્યું છે ને !! થોડીવાર પછી પાછો ફોન થાય : “દીકરો સાયકલ લઈને બરાબર ઘરે પહોંચી ગયો ?” ,“પપ્પા-મમ્મી મંદિરે આંટો મારવા ગયા હતા તો પેલા મેઈન રોડ પરથી નહોતા ગયા ને ? પાછાં આવ્યાં ? આવે એટલે જલદી ફોન કરીને મને જણાવો.”

કુટુંબીજનો મારી આ કટકટથી કંટાળી ગયા છે. હું પણ જાણું છું કે આ બધો તેમનો રોજનો રસ્તો છે. તેઓ સંભાળીને જ ચાલવાના છે. ખૂબ જ સાચવીને રસ્તો ક્રોસ કરવાના છે. છતાંય હૃદયમાં જે ફાળ પેઠી છે તે કેમેય કરીને હટતી નથી.

પણ જો કે ચિંતાની કોઈ વાત નથી. આમ જનતામાં આ બધી ફડક દસ-પંદર દિવસ રહેશે, ત્યાર પછી વિસ્મૃતિનો જે અભિશાપ આપણને લાગ્યો છે તેના કારણે આપણે વિસ્મય-તથ્ય બધું જ ભૂલી જઈશું. જો કે આ તો વિસ્મયકારી તથ્ય છે. યાદ રહેવું જોઈએ, પરંતુ યાદ નહીં રહે એ ચોક્કસ છે. કેટલીય વાર પહેલાં પણ આ પ્રકારની દુર્ઘટનાઓ ઘટતી રહી છે રસ્તા ઉપર નહીં પણ ફૂટપાથ ઉપર રહેનારા ને ચાલનારા-બેસનારાને મોતને શરણ ઉતારી દેનારા નબીરાઓના રંજાડની વાત કંઈ આજની વાત થોડી છે ?

મારા-તમારા જેવાને પોતાના પાલ્યની અને પોતાના પરિવારની વ્યક્તિઓ જ્યાં સુધી ઘરની બહાર નીકળીને પાછી હેમખેમ ઘરે ના આવે ત્યાં સુધી ઉચાટ જીવે રાહ જોયા કરવા સિવાયનો બીજો કોઈ રસ્તો નથી.

માનવ જીવનની કિંમત સસ્તી થઈ જતી હોય તેવા સમયે વારંવાર ૮૦ લાખની જગુઆર ગાડીના હેડિંગ વાંચીને વેદના થાય છે. મૃતકો પ્રત્યે સહાનુભૂતિ, દુઃખ, અરેરાટી જન્મે જ તેમાં મીનમેખ નથી. અને બેફામ વાહનો ચલાવનાર પર ગુસ્સો અને પારાવાર ક્રોધ આવે તે પણ ખૂબ જ સ્વાભાવિક છે.

પણ વળી પાછા આપણે જ આપણા સગીર સંતાનોને ટુ વ્હીલર આપતા અચકાઈશું નહીં. પાણી માંગે અને દૂધ આપી દેવાની અને તેમને ચાંદીની ચમચીથી ઘુંટડા ભરાવતાં ભરાવતાં પાંગળા બનાવી દેવાની જે રીત માતા-પિતાએ આરંભી છે તે ખૂબ જ ઊંડા અંધારા તરફ લઈ જનારી બનવાની છે. અભિભાવક તરીકે - માતા-પિતા તરીકે આપણું કર્તવ્ય સંતાનને વસ્તુઓ આપી દઈને આપણો અતિ અનુરાગ દર્શાવવાની ખોટી આદત મુશ્કેલીઓ નોંતરી રહી છે. નૈતિકતાના અધઃપતન તરફ જતા આપણા યૌવનધન તથા ભૌતિક વસ્તુઓ આપીને નૈતિક સંસ્કાર આપવાના ભૂલી જનાર માતા-પિતાના કારણે જ આવા ગોઝારા અકસ્માત સર્જાતા હોય છે.

કોઈ માસૂમ પર દુષ્કર્મ થઈ જાય એટલે કેન્ડલ માર્ચ નીકળે. દુનિયા ખૂબ ખરાબ થઈ ગઈ છે તેવી વાતો થાય. કમનસીબે આ દુનિયામાં જ તમે અને હું શ્વસીએ છીએ તે ભૂલી જવાય.

આધ્યાત્મિકતા, નૈતિકતા, યોગ, ધ્યાન, પ્રાણાયામ, વડીલોનો આદર આ બધી બાબતો બાયફોર્સ શીખવાડાતી નથી. આ બધું તો ગળથૂથીમાં આવે છે. અને આપણા વર્તન દ્વારા અનાયાસે બાળકોમાં સંગોપિત થાય છે. બાકી બોટાદ અને સુરેન્દ્રનગરમાં બેઠાં-બેઠાં તે હતભાગીઓના મા-બાપને થોડી ખબર હશે કે, ભણવા મોકલેલા અમારા સંતાનો રાત્રે ૧:૩૦ વાગ્યે ઈસ્કોનની ચા પીવા ગયા હશે ? રાત્રે દોઢ વાગ્યે !! આજકાલ નાના ટાઉન પ્રકારના શહેરોમાંથી અમદાવાદ અને ગાંધીનગરમાં અભ્યાસ અર્થે બાળકોને મોકલવાનો જે અભરખો જાગ્યો છે, તે અતિરેક પ્રકારનો છે. આ જ કારણે પી.જી. રહેવાસ અને પછી ઘરથી દૂર રહીને મળતી સ્વતંત્રતા ક્યારે સ્વચ્છંદતામાં ફેરવાઈ જાય તેની અબોધ બાળકોને ખબર નથી રહેતી. જો કે ૧૦૦% કેસ આ પ્રકારના નથી જ હોતા. ઘણા વિરલા નાના ગામોમાંથી આવીને સફળતાના શિખરો પ્રાપ્ત કરતાં જ હોય છે. અહીં કોઈનો બચાવ કે કોઈ તરફ અંગૂલિનિર્દેશ કરવાનો આયાસ જરાપણ નથી. જે ઘટી ગયું છે તે ખોટું જ છે. પણ કહે છે ને, કે શરુઆત ઘરથી જ કરીએ. કારણ કે ન પૂરી શકાય તેવી ખોટ મારા-તમારા જેવા મધ્યમવર્ગીયને જ ભોગવવી પડતી હોય છે. પુનઃ વિચાર કરીએ કે ક્યાંક કાચું તો નથી કપાતું ને !




ચાલો માન્યું કે આ તો બધી ખૂબ ભાવનાત્મક વાતો થઈ. વાત તથ્યની છે તો તથ્યાત્મક વાતો પણ કરવી જોઈએ. તુલસીદાસજીની પંક્તિ છે - "ભય બિન પ્રીત ન હોય ગુસાઈ" એ ન્યાય પ્રમાણે કાનૂનનો દંડો લાગવો જ જોઈએ. જોકે દાખલો બેસાડવાનો સમય આવી ગયો છે તેવું તો આપણે ઈસવીસન પૂર્વેથી સાંભળતા આવ્યા છીએ. આજે આપણા રાજ્યમાં આ ઘટના ઘટી છે, બીજા રાજ્યમાં પણ આવું થતું જ રહેતું હશે. અંગ્રેજો વખતથી બનાવેલા કાનૂનોને તોડતા મરોડતા આપણે સૌ જાણીએ છીએ તે પ્રમાણે "જિસકી લાઠી ઉસકી ભેંસ" પ્રમાણે રાજકીય વગ અને પૈસા સર્વોપરી બનતા જાય છે. તે વખતે તો ગાડીઓ મોટાભાગે અંગ્રેજો પાસે જ રહેતી હતી. પોતે સરળતાથી બચી શકે તે માટે પાંગળા કાયદાઓ બનાવ્યા હતા. પણ હવે ? આજે જ વર્તમાન-પત્રમાં એક બહેનની વેદના આવી છે કે, ૨૦૧૯માં મારો ભાઈ વેગન-આર કારથી અકસ્માતના કારણે મૃત્યુ પામ્યો હતો, કોઈ મોંઘીદાટ ગાડીથી નહીં. એટલે જ હજી સુધી ન્યાય નથી મળ્યો કે શું ? મૃતકના પિતા પણ આ કેસ લડતાં લડતાં ૨૦૨૦માં હાર્ટ-એટેકથી અવસાન પામી ચૂક્યાં છે. કેવી વિટંબણા છે !!

આ સમાજમાં તમારી પાસે યા તો પુષ્કળ પૈસા હોવા જોઈએ અથવા તો પુષ્કળ સત્તા હોવી જોઈએ તો અને તો જ તમે માથું ઊંચું કરીને જીવી શકો. અન્યથા તમારે ઘેટા ચાલમાં ચાલવું પડે અને whatsapp મેસેજને ફોરવર્ડ કરીને સંતોષ માનવો પડે. ઈશ્વર તે મૃતકોના આત્માને શાંતિ અર્પે તેમજ તેમના કુટુંબીજનોના માથે જે આ ઝંઝાવાત આવી પડ્યો છે તે આઘાત સહન કરવાની શક્તિ આપે તેવી જ ઈશ્વરને પ્રાર્થના. કવિ શ્રી વિનોદ ગાંધીની એક કવિતા આ સમયે યાદ આવે છે.

રાઈ જેટલી ઘટના ઉપર પર્વતનો પડછાયો,
પળની ઉપર એકસામટો ઝંઝાવાત ફેંકાયો.
ફૂલ ઉપર ઊગેલું ઝાકળ
સૂર્યદ્વેષથી બળતું,
રણને મૃગજળ, મૃગજળને રણ
કોણ કોણને છળતું ?
જરીક જેટલા જીવતર ઉપર મૃત્યુનો ઓછાયો.
પળની ઉપર એકસામટો ઝંઝાવાત ફેંકાયો.

- jayuoza@gmail.com,
Mo.9898046488

# હરિયાળી, પર્વત અને નદીઓ, ડેમનું સાનિધ્ય મળે એટલે આનંદ થાય જ, એમાં વળી પરમાત્મ સ્વરુપના દર્શનનો આનંદ મળે, યાત્રામાં ભક્તિ ભળે એટલે મનમાં - હૃદયમાં ભક્તિને શ્રદ્ધાના દીવડા પ્રગટે અને અજવાળા રેલાયાનો અનુભવ થાય

‘ઈતિહાસની ભાષા સ્મરણની હોય, એ જ ભવ્ય અને દિવ્ય ઈતિહાસ ભક્તિપૂર્વક રજુ થાય ત્યારે એની ભાષા સમર્પણની હોય. અહીં સુર-શબ્દથી આવી જ ભક્તિ પ્રસ્તુત થઈ રહી છે.’

પાલીતાણાના મેવાડ ભવન-ચેન્નાઈ ભવનમાં હમણાં યોજાયેલા એક ભક્તિ સંગીતના કાર્યક્રમમાં પુ.આ.શ્રી વિરાગચંદ્રસાગરજીસૂરીશ્વરજી મહારાજ સાહેબે આ વાત કહી હતી.


પાલીતાણામાં ચાર્તુમાસ નિમિત્તે બિરાજમાન પૂજ્ય આચાર્ય શ્રી જિનચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ અને પૂજ્ય આચાર્ય શ્રી હેમચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેપના સાનિધ્યમાં કાન્તાબેન સેવંતીલાલ કેશવલાલ શાહ પરિવાર (ચાણસ્મા)ના નિમંત્રણથી અમે કલાકારો પાલીતાણામાં ભક્તિ યાત્રા કરવા ગયા હતા.

શ્રી ઋષભદેવ પ્રભુના દિવ્ય જીવનના બાર જેટલા ઐશ્વરયોની અભિવન અને અદ્ભૂત, ભાવપૂર્ણ અને અર્થપૂર્ણ રજુઆત કરવાનો આનંદ કંઈક નોખો- અનોખો હતો.

થોડા સમય પહેલા અમદાવાદમાં શ્રી શ્રેણિકભાઈ શાહ (જ્ઞાનની બારી)ના વર્ષીતપના પારણા હેલા આ કાર્યક્રમ મારા સ્વજન અને ગાયક - સ્વરકાર આશિષ મહેતાએ ખાસ ડિઝાઈન કર્યો હતો અને અમે રજૂ કર્યો હતો. આશીષ મહેતાએ એમાં પોતાની સઘળી સુઝ અને ક્ષમતા કામે લગાડી છે અને ઉત્તમ વાદકારોના સથવારે જયારે આ ભક્તિયાત્રા પ્રસ્તુત થાય છે. ત્યારે શ્રોતાઓ સાડા ત્રણ કલાક સુધી પ્રેમથી સાંભળે છે. અભ્યાસ અને અધ્યાય સાથે મને પણ સૂત્રધાર તરીકે પ્રસ્તુતિ કરવા મળે છે જેનો આનંદ હું માણું છું.

જૈન શાસ્ત્રોમાં લખાયા મુજબ કુળકર નાભિ દેવા અને તેમના પત્ની મરૂદેવાને ત્યાં ઉત્તમ પુત્રનો જન્મ થાય છે. કુમાર દ્વજ નામે અને પુત્રી જન્મે છે. સુમંગલા નામે યુગલિકોમાં આનંદ પ્રસરાવનાર બાળ પ્રભુ શ્રદ્ધાનો દીવો પ્રગટાવે છે.

સોળે કલાના સૂર્ય જેવા, ચંદ્રની શીતળતારૂપ હતા ઋષભધ્વજ. તેઓએ કહ્યું ‘તમે પ્રકૃતિ સાથે ઉદાર બનો, બીજાના આનંદની ચિંતા કરો.’ તેઓએ ચોસઠ અને બોંત્તેર કળાની વિધિવત સ્થાપના કરી, મહાવિદ્યા, લઘુવિદ્યા, બળ-બુદ્ધિ - તર્ક સમજાવ્યા. પિતા-સખા-બંધુ-ગૃહસ્થ - યોદ્ધા - રાજવીની ભૂમિકા સમજાવી. પુત્રને ગાદી સોંપી વૈરાગના માર્ગે નીકળી ગયા અને પુત્રને કહેતા ગયા. ‘રાજા વિષયોનો વિજેતા થવો જોઈએ.’




જયભિખ્ખુ દ્વારા લિખિત પુસ્તકના અભ્યાસ સાથે ઋષભદેવ પ્રભુના જીવનના સ્વપ્ન, બાલ,યૌવન, કળા, વૈરાગ્ય,દીક્ષા, શ્રમણ, જટા, પારણું, ઈક્ષુ, વટવૃક્ષ અને મોક્ષ ઐશ્વર્યની સંવેદના રજૂ કરવાનો અવસર મને મળ્યો. તમામ રચનાઓના રચનાકાર પૂજ્ય મુનિરાજ શ્રી પ્રશમરતિવિજયજી મહારાજ સાહેબે એક એક શબ્દમાં ઋષભદેવના જીવનના - દિવ્ય ચરિત્રના ઐશ્વર્યને અભિવ્યક્તિ આપી છે.

કાયક્રમ વિરામ તરફ હતો ત્યારે શાસ્ત્રીય સંગીત અને કાવ્યના પ્રતિ વિશેષ રૂચિ ધરાવનાર આચાર્ય ભવંતો પણ સહજ આનંદથી શાસ્ત્રીય રચના ગાઈ ઊઠ્યા. એ જ કલાકારો માટે એમની કલા પ્રસ્તુતિની સાચી ભેટ હતી.

પાલીતાણામાં મારી કિશોર અવસ્થામાં માસી-માસાના ઘરે વેકેશનમાં રહેવા જતા ત્યારે તળેટીમાં અનેકવાર જતો, એ પછી જૈન પરિવારો સાથેના દાયકાઓના સ્નેહના સંબંધોને કારણે પણ જતો, હવે કલાકાર કે ડોકમ્યુમેન્ટરી શુટીંગ માટે જવાનું થાય છે ત્યારે કેટકેટલા ભાવાત્મક અનુભવો થાય છે.

હરિયાળી, પર્વત અને નદીઓ, ડેમનું સાનિધ્ય મળે એટલે આનંદ થાય જ, એમાં વળી પરમાત્મ સ્વરુપના દર્શનનો આનંદ મળે, યાત્રામાં ભક્તિ ભળે એટલે મનમાં - હૃદયમાં ભક્તિ ને શ્રદ્ધાના દીવડા પ્રગટે અને અજવાળા રેલાયાનો અનુભવ થાય.